તમારા વસ્ત્રો માંથી સફેદ કપડાં પહેરો, તે તમારા શ્રેષ્ઠ કપડાઓ માંથી છે, અને તમારા મૃતકોને સફેદ કપડાંમાં જ કફન આપો

ઈબ્ને અબ્બાસ રઝી અલ્લાહુ અન્હુમા રિવાયત કરે છે, તેમણે કહ્યું: અલ્લાહના પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું: «તમારા વસ્ત્રો માંથી સફેદ કપડાં પહેરો, તે તમારા શ્રેષ્ઠ કપડાઓ માંથી છે, અને તમારા મૃતકોને સફેદ કપડાંમાં જ કફન આપો».
[સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [આ હદીષને ઈમામ અબૂ દાવૂદ રહિમહુલ્લાહ અને ઈમામ તિર્મિઝિ રહિમહુલ્લાહ
અને ઈમામ ઈબ્ને માજહ રહિમહુલ્લાહએ રિવાયત કરી છે]

આ હદીષમાં નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ પુરુષોને સફેદ વસ્ત્રો પહેરવા અને તેમાં મૃતકને કફન આપવાનું માર્ગદર્શન આપ્યું છે; કારણ કે તે શ્રેષ્ઠ વસ્ત્રો માંથી છે.

http://www.sunnah.global/hadeeth/gu/show/65553